# બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૬ના પાંચમા તબક્કામાં જિલ્લા ફાળવણી થયેલ ઉમેદવારો માટે શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૬ના પાંચમા તબક્કા અન્વયે ઉપલબ્ધ વિષયવાર,કેટેગરીવાર ખાલી જગ્યાઓ સામે ઉપલબ્ધ ઉમેદવારો દ્વારા અપાયેલ જિલ્લા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને તેઓનો પસંદગીનો જિલ્લો ફળવાયેલ છે. જેની વિગતો વેબસાઈટ www.gserb.orpgujarat.com પર મૂકવામાં આવેલ છે. તેમજ તમામ ઉમેદવારોને આ અંગેની SMS થી જાણ કરેલ છે.
- ઓનલાઈન જિલ્લા પસંદગી ન આપનાર ઉમેદવારોનો જિલ્લા/શાળા ફાળવણી અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને જિલ્લા ફાળવણી કરવામાં આવેલ નથી. જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- જે તે ઉમેદવારને ફળવાયેલ જિલ્લાની ચકાસણી કરી ઉમેદવારે પોતાને ફળવાયેલ જિલ્લાના આ સાથે વેબસાઈટ પર દર્શાવેલ જિલ્લા શાળા ફાળવણી કેમ્પના સ્થળની PDFમાં દર્શાવેલ સ્થળે તા.૧૩/૧/૨૦૨૧ના રોજ ૧૦:૩૦ કલાકે ફરજીયાતપણે ઉપસ્થિત રહેવાનું રહેશે. શાળા ફાળવણી કેમ્પમાં ગેરહાજર રહેનાર ઉમેદવારનો શાળા ફાળવણી અંગે કોઈપણ પ્રકારનો હક્કદાવો રહેશે નહીં તથા આ અંગે ઉમેદવારની કોઈપણ પ્રકારની લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- જિલ્લા કક્ષાએ ભલામણપત્ર મેળવતા પૂર્વે તમામ ઉમેદવારોએ પોતાના તમામ અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો/જરૂરી દસ્તાવેજો તથા તેની એક સ્વ-પ્રમાણિત નકલ ખરાઈ અર્થે ૬-માસ માટે જિલ્લા કક્ષાએ જમા કરાવવાના રહેશે તથા ઉમેદવારોએ આ સાથે સામેલ રાખેલ નિયત નમૂનાનું સોગંદનામું પણ ભલામણપત્ર મેળવતા પૂર્વે જિલ્લાકક્ષાએ જમા કરાવવાનું રહેશે. (સોગંદનામાનો નમૂનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.)
- જો ઉમેદવાર રાજય બહારની યુનિવર્સીટીની કોઈપણ લાયકાત ધરાવતા હોય તો તેમના ગુણપત્રકો/પ્રમાણપત્રોની ખરાઈ બાદ જ જિલ્લા કક્ષાએથી ભલામણપત્ર આપવામાં આવશે.
- શાળા ફાળવણી કેમ્પ દરમ્યાન COVID-19ના કારણે ફેલાયેલ મહામારી સંબંધિત સરકારશ્રીની વખતોવખતની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- જો ઉમેદવાર COVID-19 પોઝીટીવ હોય/ક્વોરન્ટાઈન/કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તો ઉમેદવારે સૂચવેલ સમયે અને સ્થળે તમામ આનુસંગીક આધારો સહ શાળા પસંદગી કેમ્પમાં ભલામણપત્ર મેળવવા માટે અન્ય કોઈ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર આપી હાજર રાખી શકશે અને તદ્દનુસાર શાળામાં હાજર થવાની તારીખમાં પણ છૂટછાટ મેળવવા જિલ્લાકક્ષાએ જરૂરી પ્રક્રીયા કરવાની રહેશે. આ સબબ ઉમેદવાર દ્વારા ઓથોરીટી આપવામાં આવેલ વ્યક્તિ દ્વારા પસંદ કરેલ શાળા અંગેનો નિર્ણય ઉમેદવારને સંપૂર્ણ રીતે સ્વીકૃત રહેશે તે સબબનું ઉમેદવારની સહીવાળું બાંહેધરીપત્રક રજુ કરવાનું રહેશે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.